# નેલપોલિશ લગાડવાની ઝંઝટમાંથી છૂટકારો મળશે?

કલ્પના કરો કે તમે બ્યૂટી પાર્લરની લાઈટમાં તમે જ પસંદ કરેલા કલરનું નેલપોલિશ જોઈ ખુશ થઈ બહાર નીકળો છો પરંતુ ઘરે જતાં અડધે રસ્તે જ રંગ વિશે ફરી વિચારવા માંડો છો. શું આ લાલ કલર વધારે પડતો બોલ્ડ તો નથી લાગતો ને? શું આ ન્યૂડ કલર બેજ સિવાયના કોઈ બીજા આઉટફિટ્સ સાથે સારો



લાગશે? હવે અફસોસ કરવા કે નિરાશ થવા સિવાય શું કરી શકાય ? જો તમે પણ આવી મુંઝવણમાં હો તો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) તમારી મદદે આવ્યું છે.

ફ્લોરિડાની એક બ્યૂટી ટેક બ્રાન્ડ ‘I polish’ એ ‘દુનિયાના પહેલા રંગ બદલતા નખ’ (worlds first digital colour changing nails) બહાર પાડ્યા છે. આ સ્માર્ટ પ્રેસ ઓન નેલ્સ લાસ વેગાસમાં કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ શો (CES) 2026 માં બતાવવામાં આવ્યા હતા.

આ આઈડિયા બધા જે શોધી રહ્યા હતા એના સોલ્યુશન જેવો લાગે છે - જ્યારે ઈચ્છો, જેટલી વાર ઈચ્છો એટલી વાર નેલ કલરને બદલો. ન કોઈ નેલપોલિશ રિમુવર, સુકાવવાનો કોઈ સમય નહિ અને કોઈ અફસોસ પણ નહીં .

આ માત્ર એક નેલ પ્રોડ્કટ નથી પરંતુ એક સ્માર્ટ એપ નિયંત્રિત મેનીક્યોર સિસ્ટમ છે. એક્રેલિક પ્રેસ ઓન નેલ્સ એક એપ સાથે કનેક્ટ હોય છે. જેમાં તમે 400 શેડ્સમાંથી પસંદગી કરી શકો છો. એક વાર કલર પસંદ કરી લો પછી નેલ ટિપને એક સ્મોલ વોન્ડ પર રાખો જે લગભગ એક પોર્ટેબલ પાવર બેન્ક



સ્ટાઈલ બદલી શકો છો.

તમને બસ જરૂર છે એ એપ અને તેની સાથે આવતાં મેજીક વોન્ડની. આ બ્યૂટી ઓન ડિમાન્ડ છે અને બ્યૂટીનું ભવિષ્ય છે. આ એક્સેસરી માર્કેટમાં લોન્ચ થનારી પહેલી ડિજિટલ ફેશન એકસેસરી છે. એક નોન કેમિકલ, કુઅલ્ટી ફ્રી ઓપ્શન પણ છે. આ નખ સામાન્ય રીતે તમારા નખ મોટા ન થાય ત્યાં સુધી રેગ્યુલર પ્રેસ ઓન નેલ્સ જેટલા જ ચાલે છે.

## AI નેલપોલિશ કિટ

શરૂઆત કરવા માટે જોઈએ તે બધું જ આ કિટમાં હોય છે. જુદી જુદી સાઈઝના પ્રેસ ઓન એક્રેલિક નેલ્સ, USB કેબલ સાથે i polish મેજીક વોન્ડ, બોન્ડિંગ ગ્લુ અને જલ્દી સુકાઈ જાય એવું ક્લિયર ટોપકોટ. એમાં ક્યુટિકલ પુશર, બફર અને વાઈપ જેવાં પ્રેપ ટુલ્સ પણ સામેલ છે. QR કોડ દ્વારા એપ એકસેસ પણ છે.  કંપની દાવો કરે છે કે નખ નોન ટોક્સિક છે અને નિયમિત ઉપયોગ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. અલબત્ત જેમની પાસે અન્ય વાયરલેસ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ હોય, જેમણે પેસમેકર મુકાવ્યું હોય કે સેન્સિટીવીટી હોય એમણે પહેલાં ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

AI એ ફેશન વર્લ્ડમાં તો જગ્યા બનાવી દીધી જ છે હવે નેલ સ્ટાઈલ પણ પર્સનલ સ્ટાઈલ બની જશે. હવે તમને નેલપોલિશનો કલર ન ગમે તો નેલપોલિશની બોટલના પૈસા બગાડ્યાનો અફસોસ રહેશે નહિ. હવે તમે મૂડ, આઉટફિટ, મોસમ કે અવસર પ્રમાણે કોઈ પણ ઝંઝટ વગર તમારી પસંદ મુજબ જેટલી વાર ઈચ્છો એટલી વાર નેલ કલર બદલી શકો છો.

આ AI ભારતીય માર્કેટમાં ટૂંક સમયમાં જોવા મળશે. બ્યૂટી ઈન્ડસ્ટ્રીમાં ગેમચેન્જર સાબિત થશે. અત્યારે તો પ્રી ઓર્ડર કરવો પડશે. એની કિંમત છે. લગભગ 95 ડોલર એટલે કે આશરે 9200 રૂપિયા.

# વર્ષોથી આ જનજાતિ રહે છે લિવ ઇન રીલેશનશીપમાં

મોટાં શહેરોમાં લિવ ઈન રીલેશનમાં રહેવું એક સામાન્ય વાત થતી જાય છે પરંતુ નાનાં શહેરો કે ગામમાં આજે પણ આવા સંબંધોને માનથી જોવામાં નથી આવતા પરંતુ તમે કલ્પના પણ ન કરી શકો કે ભારતમાં એક એવી જનજાતિ છે જેમાં મહિલાઓને પુરુષો કરતાં વધારે અધિકાર મળ્યા છે. ત્યાં સુધી કે મહિલા પોતાનો પાર્ટનર પસંદ કરી એની સાથે લિવ ઈન રીલેશનશીપમાં રહી શકે છે. એટલું જ નહિ એ પાર્ટનર બદલી પણ શકે છે. એ માટે એને પૂરી આઝાદી મળે છે.

દુનિયાભરમાં મહિલા અધિકારોની ચર્ચા થાય છે ત્યારે ગરાસિયા જનજાતિની મહિલાઓને પહેલાંથી જ એવા અધિકારો મળ્યા છે જે આજે પણ મહિલાઓ માટે આસાન નથી.

ગરાસિયા જનજાતિ રાજસ્થાનના ઉદેપુર, સિરોહી, પાલી જિલ્લા તથા ગુજરાતના કેટલાક ભાગોમાં રહે છે. ગરાસિયા જનજાતિમાં એક પ્રથા છે જેને ‘દાપા પ્રથા’ કહેવાય છે. આ પ્રથા અનુસાર બે દિવસનો વિવાહ મેળો યોજાય છે. જેમાં મહિલાઓ પોતાનો પાર્ટનર પસંદ કરી ભાગી જાય છે. પછી પાછા આવી તેઓ લિવ ઈન રીલેશનશીપમાં રહે છે. કપલ ત્યારે જ લગ્ન કરે છે જ્યારે તેમની પાસે પર્યાપ્ત ધન જમા થઈ જાય છે. આ ઉપરાંત લગ્ન માટે એક બીજી પણ શરત છે કે લિવ ઈનમાં રહી બાળકને જન્મ આપવાનો હોય છે. જો બાળક ન થાય તો કપલના



લગ્ન થતાં નથી. તેઓ અલગ થઈ જાય છે અને બીજો પાર્ટનર શોધે છે.

બાળકના જન્મ બાદ બંને પરિવાર મળે છે અને લગ્નની તૈયારી કરે છે. લગ્નનો બધો ખર્ચ છોકરાવાળાએ કરવો પડે છે.

ગરાસિયા જનજાતિમાં મહિલાઓને પાર્ટનર બદલવાની પણ સ્વતંત્રતા છે. વિવાહ મેળા દરમ્યાન મહિલા પોતાના જૂના પાર્ટનરને છોડી બીજા પાર્ટનર સાથે જઈ શકે છે. અલબત્ત, નવા પાર્ટનરે જૂના પાર્ટનર કરતાં વધારે પૈસા આપવા પડે છે.

આ પરંપરા અંગે માન્યતા છે કે વર્ષો પહેલાં ગરાસિયા જનજાતિના ચાર ભાઈઓ હતા જે અલગ અલગ જગ્યાએ જઈ વસ્યા.

ત્રણના લગ્ન થયા હતા પરંતુ એક લિવ ઈનમાં રહેતો હતો. પરિણીત ત્રણ ભાઈઓને સંતાન ન થયાં જયારે લિવ ઈનમાં રહેનારનો વંશ આગળ વધ્યો. બસ, આ ધારણાને આધારે જ લોકોએ તેને પરંપરા તરીકે સ્વીકારી લીધી.